# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 12-11-2024 Midday : 1.20 to 1.30
Day : Tuesday National News

### આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

***************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી ત્રણ દિવસ દાદરા-નગર હવેલી તથા દમણ અને દીવના પ્રવાસે આવશે
2) EDએ આજે ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં 17 જગ્યાએ એકસાથે દરોડા પાડ્યા
3) ઉત્તરપ્રદેશ જાહેર સેવા આયોગે જણાવ્યું કે, પરીક્ષાની પારદર્શકતા અને ઉમેદવારોની સુવિધા તેમની પ્રાથમિકતા છે
4) વીસમી નવેમ્બરના રોજ યોજાનારી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે રાજકીય પક્ષોનો ટોચના નેતાઓ આક્રમક પ્રચાર
5) ઝારખંડમાં આવતીકાલે વિધાનસભાની 43 બેઠક માટે પહેલા તબક્કામાં મતદાન થશે
6) દેવઉઠી એકાદશીના દિવસે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો

**********************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PREZ UT VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી ત્રણ દિવસ કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી તથા દમણ અને દીવના પ્રવાસે આવશે. દરમિયાન પહેલા દિવસે તેઓ

જમ્પોરમાં પક્ષીગૃહ, દમણમાં સરકારી ઇજનેરી મહાવિદ્યાલય અને નિફ્ટ પરિસરની મુલાકાત લેશે.

બીજા દિવસે શ્રીમતી મુર્મૂ સેલવાસમાં નમો આરોગ્ય શૈક્ષણિક અને સંશોધન સંસ્થાન ખાતે જશે, જ્યાં તેઓ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ કરશે. શ્રીમતી મુર્મૂ જાંડા ચોક શાળાનું પણ ઉદ્ઘાટન કરશે તેમજ સેલવાસમાં એક જાહેર સમારોહને સંબોધિત કરશે. તેઓ દીવમાં I.N.S. ખુકરી સ્મારકની પણ મુલાકાત લેશે.

## VP PUNJAB UJJAIN VISIT –

ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે પંજાબ કૃષિ વિશ્વવિદ્યાલય – P.A.U. લુધિયાણાના પ્રવાસે પહોંચશે. તેઓ આબોહવા પરિવર્તન અને ઊર્જા રૂપાંતરને ધ્યાનમાં રાખી કૃષિ ખાદ્ય પ્રણાલીઓમાં ફેરફારના વિષય પર યોજાયેલા આંતરરાષ્ટ્રીય સંમેલનના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ હશે.

સંમેલનમાં પંજાબના રાજ્યપાલ ગુલાબચંદ કટારિયા અને મુખ્યમંત્રી ભગવંતસિંહ માન પણ ઉપસ્થિત રહેશે. ત્યારબાદ શ્રી ધનખડ 32મા સત પૉલ મિત્તલ રાષ્ટ્રીય પુરસ્કારો દરમિયાન શહેરના સત પૉલ મિત્તલ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ કરશે.

ઉપરાંત ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે ઉજ્જૈનમાં 66મા અખિલ ભારતીય કાલિદાસ સમારોહનું ઔપચારિક ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે રાજ્યપાલ મંગુભાઈ પટેલ અને મુખ્યમંત્રી ડો. મોહન યાદવ પણ ઉપસ્થિત રહેશે. 18 નવેમ્બર સુધી ચાલનારા આ સમારોહમાં સાહિત્યિક અને કલાત્મક વારસાને જાળવનાર કલાકારોનું સન્માન કરાશે. મહાન કવિ કાલિદાસના સાહિત્ય સહિત અન્ય ઘણા વિષયો

પર પણ ચર્ચા થશે. આ સાથે વર્ષ 2022-2023 માટે કાલિદાસ અલંકરણ સન્માન પણ અપાશે.

## JHARKHANDED RAID

પ્રવર્તન નિદેશાલય – EDએ આજે ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં 17 જગ્યાએ એકસાથે દરોડા પાડ્યા છે. બાંગ્લાદેશીઓની ઘૂસણખોરી અને મહિલાઓની તસ્કરી સંબંધિત કૌભાંડ ચલાવીને ગેરકાયદે કમાણી તેમજ મની લૉન્ડરીંગ મામલે EDએ આ કાર્યવાહી કરી છે.

ટીમે રાંચીના બરિયાતુમાં આવેલી હૉટેલ, નિદાન વિજ્ઞાન કેન્દ્ર ઉપરાંત અનેક જગ્યાએ તપાસ હાથ ધરી છે. રાંચીના બરિયાતૂ પોલીસે જૂન મહિનામાં એક હૉટેલમાંથી બાંગ્લાદેશની ત્રણ યુવતીને પકડી હતી. તેમની પાસે વિઝા અને પાસપોર્ટ ન હોવાનું જણાયું હતું.

## UPPSC EXAM

ઉત્તરપ્રદેશ  જાહેર સેવા આયોગે જણાવ્યું છે કે, સમીક્ષા અધિકારી અને મદદનીશ સમીક્ષા અધિકારી પરીક્ષા તેમજ પ્રાન્તીય નાગરિક સેવા પ્રારંભિક પરીક્ષાઓની પવિત્રતા અને ઉમેદવારોની સુવિધા તેમની પ્રાથમિકતા છે. આયોગે જણાવ્યું કે, પરીક્ષાઓ સર્વોચ્ચ અદાલતના દિશા-નિર્દેશ અનુસાર યોજાઈ રહી છે. અનેક ઉમેદવારોએ સમીક્ષા અધિકારી અને મદદનીશ સમીક્ષા અધિકારી પરીક્ષા અને પ્રાન્તીય નાગરિક સેવા પ્રારંભિક પરીક્ષાને અલગ અલગ તારીખ અને અનેક શિફ્ટ એટલે કે, પાળીઓમાં યોજવાના નિર્ણય સામે ગઈકાલે પ્રયાગરાજમાં આયોગના મુખ્યમથકની બહાર વિરોધ પ્રદર્શન થયું હતું.

આ મામલે આયોગે જણાવ્યું કે, જ્યાં પાંચ લાખથી વધુ ઉમેદવારો છે, ત્યાં એકથી વધુ પાળીમાં પરીક્ષા યોજવાની વ્યવસ્થા છે. પરીક્ષાની પવિત્રતા અને ઉમેદવારોના હિતમાં પરીક્ષાઓ અનિયમિતતા ન હોય તેવા કેન્દ્રમાં લેવાઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે, આ વર્ષે ફેબ્રુઆરીમાં યોજાયેલી આ પરીક્ષા માટે 10 લાખથી વધુ લોકોએ અરજી કરી હતી, પરંતુ પ્રશ્નપત્ર લીક થયા બાદ રાજ્ય સરકારે તેને રદ કરી હતી.

## MAHARASHTRACAMPAIGNING

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સહિતના વરિષ્ઠ નેતાઓ આજે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને લઈ વિવિધ જિલ્લાઓમાં પ્રચાર કરશે. શ્રી મોદી ચન્દ્રપુર, સોલાપુર અને પુણેમાં ચૂંટણી રેલી સંબોધશે. જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મુંબઈમાં 2 જાહેરસભા સંબોધશે.

બીજી તરફ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી બુલધાણા જિલ્લાના ચીખલી અને ગોન્દિયામાં મહાવિકાસ અઘાડીના ઉમેદવારોના સમર્થનમાં 2 રેલી યોજશે. ઉપરાંત રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ – શરદપવાર પક્ષના ઉમેદવારના સમર્થનમાં પક્ષના વડા શરદ પવાર નાશિક અને અહમદનગરમાં સભાઓ સંબોધશે.

## JHARKHAND ELECTION

ઝારખંડમાં આવતીકાલે 43 વિધાનસભા બેઠક માટે પહેલા તબક્કામાં મતદાન થશે. આ માટે રાજ્યમાં વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. મતદાન સંચાલન ટુકડીને પોતપોતાના વિસ્તારોમાં મોકલવામાં આવ્યા છે. 225 સંવેદનશીલ બૂથમાંથી આ ટુકડીઓ ગઈકાલે 194 મતદાન કેન્દ્ર પર ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટર દ્વારા પહોંચી છે. જ્યારે અન્ય 30 બૂથના મતદાન અધિકારીઓને આજે મોકલવામાં આવશે.

અમારા સંવાદદાતાએ જણાવ્યું કે, પશ્ચિમ સિંહભૂમ, લાતેહાર, લોહરદગા, ગઢવા અને ગુમલા જિલ્લા એમ પાંચ જિલ્લામાં આ સંવેદનશીલ બૂથ આવેલા છે. રાજ્યમાં પહેલા તબક્કાના મતદાન માટે 15 હજાર 344 મતદાન મથક ઊભા કરાયા છે. આ ચૂંટણીમાં 73 મહિલા સહિત 683 ઉમેદવાર મેદાનમાં હશે. જ્યારે એક કરોડ

37 લાખથી વધુ મતદારો આ ઉમેદવારોનું ભાવિનક્કી કરશે. ઝારખંડ વિધાનસભા માટે બીજા તબક્કાની 38 બેઠક માટે 20 નવેમ્બરે મતદાન થશે. જ્યારે 23 નવેમ્બરે મતગણતરી હાથ ધરાશે.

# ASSAM-BYPOLLS

આસામમાં આવતીકાલે પાંચ વિધાનસભા બેઠક પર યોજાનારી પેટાચૂંટણી માટેની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ છે. મતદાન માટે એક હજાર 78 મતદાન મથકો ઊભા કરાયા છે. સામગુરી સહિત તમામ 5 વિધાનસભા બેઠકો પર શાંતિપૂર્ણ મતદાન થાય તે માટે પૂરતા સુરક્ષા કર્મચારીઓ તૈનાત કરાયા છે.

અમારા સંવાદદાતા જણાવ્યું છે કે,  તમામ બેઠકો પર સત્તાધારી ભાજપ, આસોમ ગણ પરિષદ, યુનાઇટેડ પીપલ્સ પાર્ટી લિબરલ (UPPL) જોડાણ અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા થવાની સંભાવના છે. 9 લાખથી વધુ મતદારો 34 ઉમેદવારોનું ભાવિ નક્કી કરી શકે છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા, કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલ, આસોમ ગણ પરિષદના પ્રમુખ અતુલ બોરા, કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈ અને રોકીબુલ હુસૈને પેટાચૂંટણીમાં તેમના ઉમેદવારો માટે પ્રચાર કર્યો છે.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

# GOLD PRICE DOWN

દેવ-ઉઠી એકાદશીના દિવસે આજે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો થયો છે. આજે તુલસી વિવાહ અને દેવ-ઉઠી એકાદશીના દિવસે, સ્થાનિક બુલિયન માર્કેટમાં ઘટાડાની ચાલ જોવા મળી રહી છે.

આજે સોનું પ્રતિ 10 ગ્રામ 550થી 600 રૂપિયા, જ્યારે ચાંદીના ભાવમાં પ્રતિ કિલો એક હજાર રૂપિયાનો ઘટાડો નોંધાયો છે. આ ઘટાડાના કારણે, આજે દેશના મોટાભાગના બુલિયન માર્કેટમાં 24 કેરેટ સોનું રૂ. 78 હજાર 900થી રૂ. 78 હજાર 750 પ્રતિ 10 ગ્રામની રેન્જમાં ટ્રેડ થઈ રહ્યું છે.

એ જ રીતે 22 કેરેટ સોનું પણ 72 હજાર 340 રૂપિયાથી 72 હજાર 190 રૂપિયા પ્રતિ 10 ગ્રામની વચ્ચે છે. સોનાની જેમ ચાંદીના ભાવમાં નબળાઈને કારણે, દિલ્હી બુલિયન માર્કેટમાં તેની કિંમત આજે 92 હજાર 900 રૂપિયા પ્રતિ કિલો પર આવી ગઈ છે.

## PUBLICSERVICE-BROADCASTING DAY

આજે જાહેર સેવા પ્રસારણ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. દર વર્ષે, આ દિવસ 1947 માં દિલ્હીમાં ઓલ આકાશવાણીના સ્ટુડિયોમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ગૌરવપૂર્ણ આગમનની યાદમાં ઉજવવામાં આવે છે.

મહાત્મા ગાંધીએ દેશના વિભાજન બાદ હરિયાણાના કુરુક્ષેત્રમાં અસ્થાયી ધોરણે સ્થાયી થયેલા વિસ્થાપિત લોકોને સંબોધિત કર્યા હતા. ગાંધીજીએ કહ્યું હતું કે કે તેમણે રેડિયો માધ્યમનીશક્તિ,ને ભગવાનની ચમત્કારિક શક્તિ તરીકે જોયું. આજે આ અવસર પર આકાશવાણી દિલ્હીના પરિસરમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

## KERALA-SWINE FEVER

કેરળના, કન્નુર જિલ્લામાં આફ્રિકન સ્વાઈન ફીવરના કેસ બહાર આવતા તંત્ર સાવચેત થયું છે. એક ખાનગી ખેતરમાં આ કેસની જાણ થયા બાદ નેલ્લીયોડીમાં ત્રણ ખેતરોમાં ડુક્કરને મારવાનો આદેશ આપ્યો છે.

ખેતરની આસપાસના એક કિલોમીટરના વિસ્તારને અસરગ્રસ્ત, જ્યારે ખેતરની આસપાસના 10 કિલોમીટરના વિસ્તારને નજરકેદ વિસ્તાર તરીકે જાહેર કરાયો છે. અસરગ્રસ્ત વિસ્તારમાં ડુક્કરના માંસના વેચાણ પર પણ ત્રણ મહિના માટે પ્રતિબંધ મૂકાયો છે.

# RAJNATH-DELHIDIALOGUE (EARLY)

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે યુદ્ધની બદલાતી ગતિશીલતા અને સુરક્ષા જોખમોનો અસરકારક રીતે સામનો કરવા અનુકૂલનશીલ સંરક્ષણ વ્યૂહરચના પર ભાર મૂક્યો હતો.

આજે નવી દિલ્હીમાં દિલ્હી સંરક્ષણ સંવાદ ઉદ્ઘાટન કાર્યક્રમમાં બોલતા મંત્રીએ જણાવ્યું હતું કે, અનુકૂલનશીલ સંરક્ષણ એ માત્ર વ્યૂહાત્મક પસંદગી નથી પરંતુ જરૂરિયાત છે. તેમણે કહ્યું કે, દેશની અનુકૂલનશીલ સંરક્ષણની દ્રષ્ટિ સુગમતા, નવીનતા અને સ્થિતિસ્થાપકતા પર આધારિત હોવી જોઈએ અને રાષ્ટ્રએ ભવિષ્યની તમામ આકસ્મિકતાઓ માટે તૈયાર રહેવું જોઈએ.

# INDIAN FISHERMEN ARREST

ચેન્નાઇમાં નાગાપટ્ટિનમ જિલ્લાના અક્કરાઈપેટ્ટાઈના 12 માછીમારોની આજે વહેલી સવારે શ્રીલંકન નૌકાદળ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. તેઓ મુલ્લાઇથીવુ નજીક માછીમારી કરી રહ્યા હતા જ્યારે શ્રીલંકન નૌકાદળે તેમને આંતરરાષ્ટ્રીય જળસીમામાં પ્રવેશ કરવા બદલ ઘેરી લીધા હતા. તેઓને પૂછપરછ માટે માટીલાટી બંદર પર લઈ જવાયા હતા. હાલમાં તેઓ જાફનાની જેલમાં બંધ છે અને તેમને કોર્ટમાં રજૂ કરાશે.

# UTTARKAKHANDACCIDENT

ઉત્તરાખંડની રાજધાની દેહરાદૂનમાં ટ્રક અને કાર વચ્ચે થયેલા અકસ્માતમાં ચાર બાળક અને બે બાળકીઓના મોત નિપજ્યા છે. જ્યારે ઇજાગ્રસ્ત થયેલા એક વ્યક્તિને હોસ્પિટલ દાખલ કરાયા છે.

પોલીસના જણાવ્યા અનુસાર સોમવારે મોડી રાત્રે આ ગમખ્વાર અકસ્માત થયો હતો. ચાલક ટ્રક મુકીને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. પોલીસે પાંચ મૃતદેહને દૂન હોસ્પિટલમાં અને એક મૃતદેહને મહંત ઈન્દ્રેશ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા છે.